| PUBLICATION NAME : | Divya Bhaskar (City Bhaskar) |
|---|---|
| EDITION : | Ahmedabad |
| DATE : | 07/03/2023 |
| PAGE : | 1 |


### આંત્રપ્રિન્યોરશિપ કોન્કલેવમાં NCWના ચેરપર્સન રેખા શર્માએ કહ્યું...

# માર્ચમાં જ NCW ડિમાન્ડમાં રહે છે, વુમન્સ ડે એક દિવસ માટે નથી

ગાંધીનગર : આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા કેમ્પસમાં વુમન ઈન લીડરશિપ કોન્કલેવનું આયોજન કર્યું હતું. જેમાં વુમન એમ્પાવર્મેન્ટ અને આંત્રપ્રિન્યોર્શિપ માટે ઈકોસિસ્ટમમાં રહેલી સમસ્યાઓની સમજણ મેળવવા તથા આ સમસ્યાઓનું સમાધાન કરવાની રીતો પર ચર્ચા કરવા પેનલ ડિસ્કશન થયું હતું. જેમાં ાષ્ટ્રીય મહિલા પંચ (એનસીડબલ્યુ)ના ચેરપર્સન રેખા શર્માએ જણાવ્યું કે, 'વુમન્સ ડે એક દિવસ માટે નથી, હું એ માનું છું. માર્ચમાં મને પણ ઘણી ઈવેન્ટ્સમાં ઈન્વાઈટ કરવામાં આવે છે. માર્ચમાં એનસીડબલ્યુ ડિમાન્ડમાં રહે છે, મારો સવાલ છે કે બાકીના દિવસોમાં કેમ એનસીડબલ્યુ યાદ નથી રહેતું ? સોસાયટીમાં દેવીઓના ઉદાહરણ આપવામાં આવે છે, રિયાલિટી કઈક અલગ જ છે. સમાજમાં મહિલાઓની સામાજિક અને આર્થિક સ્થિતિને સુધારવા જાગૃતિ લાવવાની જરૂર છે, જેમાં શિક્ષણ, તાલીમ અને સાથસહકાર કે મદદ પર વધારે ધ્યાન કેન્દ્રિત કરવાનની જરૂર છે. અમે વધુને વધુ મહિલાઓ આગળ આવે અને તેમની પરંપરાગત ભૂમિકાઓમાંથી બહાર આવે તેમજ તેમની વૃદ્ધિ માટે મુશ્કેલરૂપ અવરોધો દૂર કરે એવું ઈચ્છીએ છીએ. તેના માટે મહિલાઓને વ્યવસાયિક નેટવર્કિંગ ઊભું કરવા કોઈના દબાણ હેઠળ ન આવવાનું શીખવવું પડશે."